અનુસુચિતજાતિ તથા વિચરતી અને વિમુકતજાતિના કાયદાના સ્નાતકો ને વકીલાતનો સ્વતંત્ર ધંધો શરુ કરવા માટે નાણાકીય સહાય.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૮૮/૭૦૧૪/જ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૯-૩-૮૯.

વંચાણે લીધો :- સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૭૯/૯૬૬૭/અ, તા. ૨૮-૭-૮૦.

**ઠ રા વ :-**

અનુ.જાતિ અને વિચરતી અને વિમુકતજાતિના કાયદાના સ્નાતકોને આમુખ(૧) પરના ઠરાવથી રુ.૨૦૦૦/-સહાય અને રુ.૨૫૦૦/- વ્યાજ મુકત લોન મળી રુ. ૪૫૦૦/- (અંકે રુપિયા ચાર હજાર પાંચસો) આપવાની યોજના અમલમાં છે. માન. મંત્રીશ્રી (સ.ક.)એ તા. ૨૮-૭-૮૮ના રોજ વિધાનસભાના ગત સત્ર દરમ્યાન કરેલ જાહેરાત મુજબ હવેથી આ યોજનામાં કાયદા સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રુ. ૫૦૦૦/-સહાય અને રુ.૫૦૦૦/-વ્યાજમુકત લોન મળી કુલ રુ.૧૦,૦૦૦/- (અંકે રુપિયા દસ હજાર પુરા.) આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ યોજનાની શરતો અને નિયમો અગાઉના ઠરાવમાં આવ્યા પ્રમાણે યથાવત્ રહેશે. પરંતુ આવકમર્યાદા અંગે વધારો કરીને એવું ઠરાવેલ છે કે, આ યોજનાનો લાભ અરજદાર કે, અરજદારના મા-બાપ સહીત કુટુંબના તમામ સાધનોની આવક કુલ વાર્ષિક રુ. ૧૦,૦૦૦/- કરતાં વધુ ન હોય તેવી વ્યકિતઓને આપવામાં આવશે.

૩. આ અંગેનો ખર્ચ હિસાબના સદર(૧)માંગણી નંબર: ૯૨ "૨૨૨૫- અનુ.જાતિઓ અનુ.જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ ૦૩- અન્ય પછાતવર્ગોનું કલ્યાણ - કાયદા અને તબીબી સ્નાતકો વ્યવસાય શરુ કરવા માટે સહાય "માંગણી નંબર:૯૪ (આયોજન)"૬૨૨૫-અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ, અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ -૦૩ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ કાયદા અને તબીબી સ્નાતકોને વ્યવસાય શરુ કરવા માટે લોન "હેઠળ ઉધારવો. અને ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી થનાર બચતમાંથી મેળવવો.

..૨..

// ૨ //

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકાર શ્રીની તા. ૨૮-૩-૮૯ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(જી. બી. પટેલ)
સેકશનઅધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
નિયામક, સમાજ કલ્યાણ ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નં. સક/યોજના/ ૬૮૬
નિયામક, સમાજ કલ્યાણ ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તારીખઃ- ૫-૪-૧૯૮૯.

પ્રતિ,

૧. જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી,
   જીલ્લો......................
૨. જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી, (સમાજ કલ્યાણ શાખા)
   જીલ્લા પંચાયત, ....................જી..............
૩. જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની કચેરી,..............
   જીલ્લો......................
૪ સંયુક્ત નિયામકશ્રી -------
૫ સર્વે વડી કચેરીના અધિકારીઓ તરફ
૬ આદેશ સંગત ફાઇલ.

[illegible]

નાયબ નિયામક,
સમાજ કલ્યાણ ખાતુ,
ગુ. રા. ગાંધીનગર.